12288


# GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY

(Gujarat Vepari Mahamandal)

Shri Ambica Mills-Gujarat Chamber Bldg., P.B.No.4045,
Ashram Road, Ahmedabad-380009

Fax No.: 079-26587992/Tele. No.: 079-26582301/2/3/4

Email: gcci@gujaratchamber.org Website: www.gujaratchamber.org


# Press Note

**10th January, 2020**

Gujarat Chamber of Commerce and Industry organized an Interactive Session on Renewable Energy on 9th January, 2020 in esteemed presence of Hon'ble Minister for Energy, Government of Gujarat, Shri Saurabhbhai Patel. Shri Raj Modi, Hon'ble Deputy Minister Industry and Commerce, Zimbawe was also present in the event.

Shri Natubhai Patel, Senior Vice President, GCCI in his opening address, mentioned Gujarat State has made great strides in fast shifting to the use of Renewable Energy which can be seen in Government's energy policy and initiatives. Further he stated that coal based thermal station is one of the traditional sources of energy which is costly, involving foreign exchange and polluting. By adopting Renewable Energy, we can decrease the expenditure, we can be more environmentally friendly. India has abundant source for solar energy and in particular, Gujarat, Rajasthan, Madhya Pradesh and Maharashtra have a lot of solar energy, also the policies and Government of Gujarat are quite helpful, making renewable energy affordable and useful to everyone. He appealed to all to use renewable energy to the maximum level.

Shri Saurabhbhai Patel, in his keynote address, mentioned that Energy is most important for development of any State and stated that Gujarat has more power than it needs even as tariffs have remained low and electricity is available 24X7. Further he mentioned that Government is planning to increase renewable energy generation in the state to 30,000 MW by 2022 and state will generate additional 20,000 MW solar power. To achieve these targets Government have rolled out three schemes (i) Installing solar rooftop in institutions, residencies and societies (ii) for MSMEs to generate upto 4 MW power by using solar panels and (iii) By increasing the limit upto 100% of the contract demand for MSMEs for captive consumption. He shared Govt's various future investments to be made in Solar Industry and incentives and subsidy for the same.

Shri Dhirendra Doshi, Chairman Energy Committee in his theme address talked about the importance of Renewable Energy. In addition, he expressed that Shri Saurabhbhai Patel is passionate in development of Energy Sector and it would be helpful to resolve the issues related to Renewable Energy.

During the interactive session many issues related to Renewable Energy were discussed by the audience. Hon'ble Minister satisfactorily replied them and invited Energy Committee, GCCI to meet them in person to discuss issues related to Energy.

Hon. Secretary, GCCI Shri Sanjeev Chhajer concluded the event with vote of thanks.

---

**To,**
**The Editor/ Chief Reporter/ Commercial Editor/ Bureau Chief/ News Editor with a request to kindly incorporate the above Press Note in your esteemed News Paper.**

**Tanmay Mehta**
**Secretary General**

GCCI

2019-20

# Gujarat Chamber of Commerce & Industry

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad - 380 009. INDIA.
079-2658 2301/2/3/4, 2658 0527 **Fax No.** 079-2658 7992
gcci@gujaratchamber.org | www.gujaratchamber.org

12288

## Press Note

૧૦ જાન્યુઆરી, ૨૦૨૦

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ૯ જાન્યુઆરી, ૨૦૨૦ ના રોજ ગુજરાત સરકારના માનનીય ઉર્જામંત્રીશ્રી સૌરભભાઇ પટેલની ઉપસ્થિતિમાં રીન્યુઅલ એનર્જી પર એક ઇન્ટરેક્ટીવ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી રાજ મોદી, માનનીય નાયબ મંત્રીશ્રી, ઉદ્યોગ અને વાણિજ્ય, ઝિમ્બાબ્વે કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

**GCCI**ના સિનિ. ઉપ-પ્રમુખ શ્રી નટુભાઇ પટેલે પોતાના પ્રારંભીક પ્રવચનમાં જણાવ્યું હતું કે ગુજરાત રાજ્યે રીન્યુએબલ એનર્જીના વપરાશમાં ઝડપથી બદલાવ લાવવાની દિશામાં મહત્ત્વના પગલાં લીધા છે જેને રાજ્ય સરકારની સફળ ઉર્જા તરીકે જોઇ શકાય છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે કોલસા આધારિત થર્મલ સ્ટેશન ઉર્જાઉના પરંપરાગત સ્ત્રોતોમાંનું એક છે જે પર્યાવરણને પ્રદુષિત પણ કરે છે અને વિદેશી વિનિમય તરીકે ખર્ચાળ પણ છે. રીન્યુએબલ એનર્જી અપનાવીને આપણે ખર્ચમાં ઘટાડો પણ કરી શકીએ, પર્યાવરણને પણ અનુરૂપ થઇ શકે છે જે દેશ માટે ગર્વની બાબત બની શકે છે. ભારત પાસે સૌર ઉર્જાના સ્ત્રોત વિપુલ પ્રમાણમાં છે. ખાસ કરીને ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર પાસે ખુબ વધારે સૌર ઉર્જા પર્યાપ્ત છે. ગુજરાત સરકારની રીન્યુએબલ એનર્જી નીતિ પોષણક્ષમ અને દરેકને ઉપયોગી બને તેવી છે. તેમણે બધાને મહત્તમ સ્તરે રીન્યુએબલ એનર્જીનો ઉપયોગ કરવા અપીલ કરી હતી.

શ્રી સૌરભભાઇ પટેલ, માનનીય ઉર્જા મંત્રી શ્રીએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે કોઇ પણ રાજ્યના વિકાસ માટે "એનર્જી" ખૂબ મહત્ત્વ ધરાવે છે અને જણાવ્યું હતું કે રાજ્યમાં વીજળીના દર ઓછા હોવા છતાં વીજળી ૨૪ X ૭ ઉપલબ્ધ છે, તો પણ ગુજરાતમાં તેની જરૂરિયાત કરતાં વધુ પ્રમાણમાં એનર્જી પર્યાપ્ત છે તે ગર્વની વાત છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર ૨૦૨૦ સુધીમાં રાજ્યમાં રીન્યુએબલ એનર્જીનું ઉત્પાદન વધારીને ૩૦,૦૦૦ મેગાવોટ કરવાનું આયોજન છે અને રાજ્ય વધારાના ૨૦,૦૦૦ મેગાવોટ સૌર ઉર્જાથી ઉત્પાદિત કરશે.

આ લક્ષ્યોને હાંસલ કરવા અને સરકારે ત્રણ યોજનાઓ શરુ કરી છે. (૧) સંસ્થાઓ, રહેઠાણો અને સોસાયટીમાં સોલાર પેનલ પ્રસ્થાપિત કરવી, (૨) સોલાર પેનલનો ઉપયોગ કરીને ૪ મેગા વોટ વીજળી ઉત્પન્ન કરવી, અને (૩) MSME માટે કોન્ટ્રાક્ટ ડીમાન્ડ ૫૦% થી વધારીને ૧૦૦% કરવી. તેમણે સૌર ઉદ્યોગમાં સરકારના વિવિધ ભાવિ રોકાણો અને તે માટે ઇન્સેન્ટીવ અને સબસીડી વિષે માહિતી આપી હતી.

GCCI

2019-20

# Gujarat Chamber of Commerce & Industry

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad - 380 009. INDIA.
079-2658 2301/2/3/4, 2658 0527 **Fax No.** 079-2658 7992
gcci@gujaratchamber.org | www.gujaratchamber.org

## Press Note



શ્રી ધિરેન્દ્ર દોશી, એનર્જી કમિટિના ચેરમેને તેમના પ્રાસંગિક સંબોધનમાં રીન્યુએબલ એનર્જીના મહત્ત્વ વિશે વાત કરી હતી. વધુમાં તેમણે શ્રી સૌરભભાઇ પટેલના ઉર્જા બાબતે તલસ્પર્શી અભ્યાસ હોવાથી રીન્યુએબલ એનર્જીના પ્રશ્નોનું સરળતાથી નિરાકરણ લઇ શકાશે તેવી આશા વ્યક્ત કરી હતી.

પ્રશ્નોત્તરી સત્ર દરમ્યાન રીન્યુએબલ એનર્જી સંબંધિત ઘણાં મુદ્દાઓ પર શ્રોતાઓ દ્વારા ચર્ચા કરવામાં આવી હતી અને માનનીય મંત્રીશ્રીએ તેમને સંતોષકારક જવાબ પણ આપ્યા હતા અને GCCIની એનર્જી કમિટિને લગતા મુદ્દાઓની ચર્ચા કરવા રૂબરૂ મળવા આમંત્રણ પણ આપ્યું હતું.

માનદ્-મંત્રી શ્રી સંજીવ છાજરે માનનીય મંત્રી શ્રી સૌરભભાઇ પટેલ, માનનીય નાયબ મંત્રીશ્રી ઉદ્યોગ અને વાણિજ્ય, ઝિમ્બાબ્વે, ભૂતપૂર્વ પ્રમુખ શ્રી શૈલેષ પટવારી, ચેમ્બરની કારોબારી સમિતિના સભ્યો અને મહેમાનોનો આભાર વ્યક્ત કરી આભારવિધિ સંપન્ન કરી હતી.

---

**તંત્રીશ્રી/ચીફ રીપોર્ટરશ્રી/કોમર્શીયલ એડીટરશ્રી/બ્યૂરો ચીફ/ન્યૂઝ એડીટરશ્રી,**
**યોગ્ય પ્રસિદ્ધિ સારુ વિનંતી સહ રવાના,**

**તન્મય મહેતા**
*સેક્રેટરી જનરલ*